તાપમાન
મહત્તમ : ૩૨.૦ ડીગ્રી
લઘુતમ : ૨૫.૮ ડીગ્રી
ભેજ
સવારે ૯૨ ટકા ● સાંજે ૯૬ ટકા
છેલ્લા ૨૪ કલાકનો વરસાદ ● ૬ મી.મી. ● કુલ વરસાદ ૪૬૪ મી.મી.

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૧) અંક નં. ૧૬૮ | ૨૯ ઓગસ્ટ, ૨૦૧૬, સોમવાર ; શ્રાવણ વદ - ૧૨ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

## જૈન મુનિ તરૂણ સાગર વિવાદ પર માફી માંગી

નવીદિલ્હી,તા. ૨૮
જાણીતા ગાયક અને સંગીતકાર વિશાલ ડડલાનીએ ટ્વિટર પર જૈન મુનિ અંગે ટિપ્પણી કર્યા બાદ મુશ્કેલીમાં મુકાઈ ગયા છે. જેના લીધે રાજનીતિમાંથી સન્યાસ લેવાની પણ જાહેરાત કરી દીધી છે. વિસાલ ડડલાનીએ માફી માંગી હોવા છતાં જૈન સમુદાયના લોકોમાં નારાજગી દેખાઈ રહી છે. આજ કારણસર સક્રિય રાજનીતિમાંથી નિવૃત્તિ લેવાની પણ જાહેરાત કરી છે. હોબાળો થયા બાદ મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલ અને સત્યેન્દ્ર જૈનને પણ માફી માંગવાની ફરજ પડી છે. જૈન મુનિ તરુણ સાગરજી થોડાક દિવસ પહેલા હરિયાણા વિધાનસભામાં ધારાસભ્યોને સંબોધી રહ્યા હતા. આ ગાળા દરમિયાન જૈન મુનિએ પોતાના આચરણમાં સુધાર લાવવા માટે નેતાઓને કહ્યું હતું.

# કાશ્મીરમાં હિંસા દેશનું નુકસાન છે : મોદી

### મોદીએ મન કી બાત કાર્યક્રમમાં દરેક વિષય ઉપર વાત કરી : પ્રધાનથી લઇને વડાપ્રધાન સુધી દરેક વ્યક્તિ માને છે કે જે લોકો બાળકોને છત્ર તરીકે અશાંતિ સર્જવા ઉપયોગ કરે છે તેમને બોધપાઠ ભણાવવા જોઇએ



નવીદિલ્હી,તા. ૨૮
વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આજે તેમના લોકપ્રિય મન કી બાત કાર્યક્રમમાં જુદા જુદા વિષય ઉપર વાત કરી હતી જેમાં પ્રદૂષણ અને પર્યાવરણ, ગંગાની સ્વચ્છતા, સ્વચ્છતા અભિયાન, ઓલિમ્પિકમાં ભારતનો દેખાવ, ધ્યાનચંદને શ્રદ્ધાંજલિ, મદર ટેરેસાને શ્રદ્ધાંજલિનો સમાવેશ થાય છે. મોદીએ પોતાના સંબોધનમાં કાશ્મીર, જીએસટી બિલ, ગેસ સબસિડી, પ્રદૂષણ અને પર્યાવરણ સહિત અનેક મુદ્દાઓ ઉપર વાત કરી હતી. તેમણે કહ્યું હતું કે, કાશ્મીરમાં કોઈપણ યુવાન અથવા સુરક્ષા જવાનનું મોત થાય છે તો આ નુકસાન દેશને થાય છે. મોદીએ એમ પણ કહ્યું હતું કે, ગામના પ્રધાનથી લઈને વડાપ્રધાન સુધી દરેક વ્યક્તિ માને છે કે, જે લોકો નાના બાળકોને આગળ કરીને કાશ્મીરમાં અશાંતિ ફેલાવવાના પ્રયાસ કરી રહ્યા છે ક્યારેક ક્યારેક તેમને પણ આ નિર્દોષ બાળકોને જવાબ આપવા પડશે. જીએસટી મુદ્દા ઉપર વાત કરતા મોદીએ કહ્યું હતું કે, ઓગસ્ટ ૨૦૧૬માં જોરદાર

● અનુસંધાન પાન-૭ પર

## હવાથી ઓક્સિજન લેનાર સ્ક્રેમજેટનું સફળ પરીક્ષણ

### ઇસરોની યશકલગીમાં વધુ એક મોરપીંછુ ઉમેરાયું : આંધ્રના શ્રીહરિકોટામાં સ્થિત સતિષ ધવન સ્પેશ સેન્ટરથી રોકેટે ઉંડાણ ભરી : બે સ્ક્રેમજેટ એન્જિનનું પરીક્ષણ કરાયું

શ્રીહરિકોટા,તા. ૨૮
ઈસરોએ સ્ક્રેમજેટ એન્જિનનું સફળરીતે પરીક્ષણ કરીને વધુ એક ઐતિહાસિક સિદ્ધિ આજે હાંસલ કરી લીધી હતી. ઈસરોના એક વરિષ્ઠ અધિકારીએ માહિતી આપતા કહ્યું છે કે, સ્ક્રમજેટ એન્જિનમાં વાયુમંડળમાં રહેલા ઓક્સિજનનો ઉપયોગ ઈંધણ તરીકે કરવામાં આવે છે. આંધ્રપ્રદેશના શ્રીહરિકોટામાં સ્થિત સતિષ ધવન સ્પેશ સેન્ટરથી આજે સવારે છ વાગે બે સ્ટેજના એન્જિન આરએચ-૫૬૦ સાઉન્ડિંગ રોકેટે ઉંડાણ ભરી હતી. ભારતીય અંતરિક્ષ સંશોધન સંસ્થા ઈસરોના એક વરિષ્ઠ અધિકારીએ માહિતી આપતા કહ્યું છે કે, આ મિશન સંપૂર્ણપણે સફળ રહ્યું છે.



આ ગાળા દરમિયાન બે સ્ક્રેમજેટ એન્જિનનું સફળ પરીક્ષણ કરાયું હતું. આ પરીક્ષણ કરવામાં આવ્યા બાદ તમામ માહિતી મોડેથી જાહેર કરવામાં આવી હતી. એન્જિનનું માત્ર છ સેકન્ડ માટે જ પરીક્ષણ કરવામાં આવ્યું હતું. સ્ક્રેમજેટ એન્જિનનો ઉપયોગ માત્ર રોકેટના વાયુમંડળના તબક્કા દરમિયાન જ થાય છે. આનાથી ઈંધણમાં ઓક્સિડાઈઝરનું પ્રમાણ ઘટાડી દેવા માટે થનાર ખર્ચમાં ઘટાડો થઈ શકશે.

# બલુચિસ્તાન વિધાનસભામાં મોદીની ટીકા

### આંતરરાષ્ટ્રીય સ્તરે મુદ્દા ઉઠાવવાની શરૂઆત : હવે તમામ રાજકીય શક્તિઓને પાકિસ્તાનના દુશ્મનોની વિચારધારાને નિષ્ફળ કરવા માટે એક મત થવા અપીલ

નવીદિલ્હી,તા. ૨૮
પાકિસ્તાનના બલુચિસ્તાનની વિધાનસભાએ બલુચિસ્તાન અંગે વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નિવેદનની ટિકા કરીને એક પ્રસ્તાવ પસાર કર્યો છે. સરકારનો આ મામલાને આંતરરાષ્ટ્રીય સ્તરે ઉઠાવવા માટે અપીલ પણ કરવામાં આવી છે. સત્તારુઢ પાકિસ્તાન મુસ્લિમ લીગ (નવાઝ)ના ધારાસભ્ય મોહમ્મદખાન લહેરી દ્વારા આ દરખાસ્ત રજૂ કરવામાં આવી હતી જેને તમામ રાજકીય પક્ષોએ સમર્થન આપ્યું હતું. બલુચિસ્તાનના મુખ્યમંત્રી નવાબ સનાઉલ્લાહ દ્વારા તેના ઉપર હસ્તાક્ષર કરવામાં આવ્યા હતા. પ્રસ્તાવમાં કહેવામાં આવ્યું છે કે, બલુચિસ્તાનના સંદર્ભમાં ભારતના વડાપ્રધાન દ્વારા કરવામાં આવેલા નિવેદનથી સાબિતી મળે છે કે પ્રાંતમાં ત્રાસવાદ સંપૂર્ણપણે ભારત પ્રાયોજિત છે. પ્રસ્તાવ અંગે ટિપ્પણી કરતા લહેરીએ કહ્યું હતું કે, ભારતીય વડાપ્રધાને પાકિસ્તાનની અંખડતા અને આ સંદર્ભમાં સંયુક્તરાષ્ટ્રના ચાર્ટરનો ભંગ કર્યો છે. ગૃહે માંગણી કરી હતી કે, પાકિસ્તાન સરકારે આંતરરાષ્ટ્રીય સ્તરે આ મુદ્દો ઉઠાવવો જોઈએ. બલુચિસ્તાનમાં ભારતની રાજકીય ગતિવિધિ ચાલી રહી છે.

બલુચિસ્તાનના ગૃહપ્રધાન સરફરાઝ બુગ્તીએ કહ્યું છે કે, મોદીએ કાશ્મીરથી લોકોની ધ્યાન અન્યત્ર વાળવા માટે આ પ્રકારનું નિવેદન કર્યું છે. પાકિસ્તાનના ડોન અખબારના કહેવા મુજબ નેશનલ પાર્ટીના નેતા સરદાર અસલમે મોદીના નિવેદનની જોરદાર ઝાટકણી કાઢી છે. સાથે સાથે તમામ રાજકીય શક્તિઓને પાકિસ્તાનના દુશ્મનોની વિચારધારાને નિષ્ફળ કરવા માટે એક મત થવા માટે અપીલ કરવામાં આવી છે. તેમણે એમ પણ કહ્યું હતું કે, અમે પાકિસ્તાનની તરફેણમાં એક મત છીએ. મોદીએ સ્વતંત્રતા દિવસના ભાષણમાં કહ્યું હતું કે, બલુચિસ્તાન અને પાકિસ્તાનના કબજા હેઠળના કાશ્મીરની જનતાએ તેમની સમસ્યા ઉઠાવવા માટે તેમનો આભાર માન્યો છે.

# કેરળમાં મેંગ્લાર એક્સપ્રેસના ૧૨ ડબ્બા પાટાથી ખડી પડ્યા

થિરુવંતનપુરમ,તા. ૨૮
કેરળમાં મેગ્લોર એક્સપ્રેસના ૧૨ ડબ્બા પાટા ઉપરથી ખડી પડતા



ટ્રેન સેવાને માઠી અસર થઈ છે. મેંગ્લોર એક્સપ્રેસ ટ્રેનના ૧૨ ડબ્બા પાટા ઉપરથી ખડી પડ્યા હતા. મોડી રાત્રે થિરુવનંતપુરમથી આશરે ૪૫ કિલોમીટરના અંતરે કરુકુટ્ટી સ્ટેશન નજીક આ બનાવ બન્યો હતો. દક્ષિણ રેલવેના પ્રવક્તાએ માહિતી આપતા કહ્યું છે કે, આ ઘટનામાં કોઈપણ વ્યક્તિ ઘાયલ થઈ હોવાના અહેવાલ મળ્યા નથી. પ્રવક્તાનું કહેવું છે કે, આ બનાવ આજે વહેલી પરોઢે ૨.૩૦ વાગ્યાની આસપાસ બન્યો હતો. ૧૬૩૪૭ એક્સપ્રેસ ટ્રેનના ૧૨ ડબ્બા એરનાકુલમ જિલ્લામાં અલવા અને કરાકુટ્ટી સ્ટેશન વચ્ચે ખડી પડ્યા હતા. આ ટ્રેન શનિવારે રાત્રે ૮.૪૦ મિનિટે થિરુવંતનપુરમથી રવાના થઈ હતી. આ ઘટના બન્યા બાદ હેરાન થઈ ગયેલા યાત્રીઓને કોચી અને ત્રિસુર પહોંચાડવા માટે બસ અને લોકલ ટ્રેનની વ્યવસ્થા કરવામાં આવી હતી. મેંગ્લોર એક્સપ્રેસના ૧૨ ડબ્બા પાટા ઉપરથી ખડી પડ્યા બાદ આ માર્ગની બંને લાઈનો ઉપર ટ્રેન સેવા ખોરવાઈ ગઈ હતી અને ટ્રેન સેવાને પુનઃ શરૂ કરવામાં ૧૨ કલાકથી પણ વધુ સમય લાગી શકે છે. આવતીકાલ સુધી જ ટ્રેન સેવા ફરી શરૂ થઈ શકશે. કારણ કે નુકસાનગ્રસ્ત પાટાઓને સંપૂર્ણપણે વ્યવસ્થિત કરવામાં આવશે. કેરળના મોટા સ્ટેશનોને જોડાનાર કેટલીક લોકલ ટ્રેનો આ બનાવ બાદ રદ કરી દેવામાં આવી છે. દક્ષિણ રેલવેએ કહ્યું છે કે, આ માર્ગ ઉપરથી પસાર થતી પાંચ ટ્રેનો મુંબઈ, કન્યાકુમાર, બોંગ્લોર, અલપુઝા, નબાદ, ત્રિવેન્દ્રમ, ગોરખપુર, ત્રિવેન્દ્રમ-હૈદરાબાદ એક્સપ્રેસના રુટ બદલી દેવામાં આવ્યા છે.

# એસએમઈને પ્રોત્સાહન આપવા વ્યાજદરમાં બે ટકા ઘટાડો જરૂરી

નવીદિલ્હી,તા. ૨૮
કેન્દ્રીય પ્રધાન નિર્મલા સીતારામને આજે આરબીઆઈ દ્વારા વ્યાજદરમાં બે ટકા માટે ઘટાડાની માંગણી કરી હતી અને કહ્યું હતું કે, એસએમઈને પ્રોત્સાહન આપવા અને રોજગારીની તકો સર્જવા માટે બે ટકા સુધી વ્યાજદરમાં આરબીઆઈ દ્વારા કાપ મુકવામાંઆવે તે જરૂરી છે. વાણિજ્ય અને ઉદ્યોગ પ્રધાનના આ નિવેદનથી અર્થશાસ્ત્રીઓમાં પણ ચર્ચા જોવા મળી રહી છે. આ પ્રકારની હિલચાલથી ફિક્સ્ડ ડિપોઝિટ ઉપર સીધી અસર થશે પરંતુ નિર્મલા સીતારામનના કહેવા મુજબ વ્યાજદરમાં ઘટાડો નાના અને મધ્યમ ઉદ્યોગને પ્રોત્સાહન આપવા માટે જરૂરી છે. તેમણે એમ પણ કહ્યું હતું કે, જો લાંબા ગાળા સુધી રેટ ઉંચા રહેશે તો એસએમઈને ઉંચા ધિરાણ લેવાની બાબત પોશાષે નહીં. વ્યક્તિગત દ્વારા કરવામાં આવેલી ટિકાટિપ્પણીનો ઉલ્લેખ કરતા સીતારામને કહ્યું હતું કે, રેપોરેટમાં બે ટકા કાપનું તેઓ સૂચન કરે છે. જો કે, આની એફડી ઉપર વ્યાજદરોને અસર થશે. નિર્મલા સીતારામન તરફથી નવી ટિપ્પણી કરવામાં આવ્યા બાદ તેમને લઈને ચર્ચા રહે તેવી શક્યતા છે. નિર્મલા સીતારામન કર્ણાટક તરફથી રાજ્યસભાના સભ્ય તરીકે છે. સીધીરીતે ચૂંટણી નહીં લડવાના પ્રશ્ન ઉપર તેમણે કહ્યું હતું કે, તેઓએ ચૂંટણી લડવી જોઈએ કે કેમ તે અંગે નિર્ણય કરવાનું કામ પાર્ટીનું છે.







